# આપનું સપ્તાહ કેવું જશે?

તા.૨૯/૦૪/૨૦૨૪ થી તા.૦૫/૦૫/૨૦૨૪ સુધી

લેખકઃ જયોતિષાચાર્ય હંસરાજ મો. નં.: 9825726442
E-mail : bharatjyotish03@yahoo.co.in

**મેષ (અ,લ,ઈ):** ચાલુ વીકમાં નવી યોજના બને તેમજ મહત્ત્વપૂર્ણ યોજનાનો ભાગ બનવાનું થાય નવી જવાબદારી વધે. આવક માટે નવા સાધનો ઊભા કરવામાં જીવન સાથી વગેરેનો સાથ મળે. વિદેશ બાબતના કામ સરળ બને. નોકરીમાં મહેનતનું ફળ મળે. ઊપર વર્ગનો સાથ મળે. સ્વતંત્ર ધંધામાં પ્રગતિ થાય. સંપત્તિ વગેરેના સોદા થાય. પ્રેમમાં નિરાશાનો અનુભવ થાય. નવા રોકાણ થાય. આરોગ્ય નરમ રહે.

**વૃષભ (બ,વ,ઊ):** ચાલુ સપ્તાહમાં ભુલ સુધારવાની તક મળે. તમારા કામની કદર થાય. અચાનક નવી તક સામે આવીને ઊભી રહેશે. ધીરજથી નિર્ણય લેવા. ઉઘરાણીની ચિંતા ઓછી થાય. સરકારી કામમાં પ્રગતિ થાય. ઉચ્ચ શિક્ષણ, સાહીત્ય, વિદેશ પ્રવાસ, આયાત-નિકાસ, કાયદા કાનુન બાબતે અનુકુળતા થાય. આવક વધે. નવા ધંધા-વ્યવસાયમાં ટેક્નોલોજીનો લાભ મળે. અભ્યાસમાં પ્રગતિ થાય.

**મિથુન (ક,છ,ઘ):** સપ્તાહ દરમિયાન કુટુંબ-પરિવારના કામમાં મદદ મળે તથા તમારા વિચારો પ્રશ્નો હલ કરવામાં મદદરૂપ થાય. રોજના કામમાં અનુકુળતા રહે. આવકમાં વધારો થાય. ઉંમર લાયકના વિવાહ થાય. સ્વતંત્ર ધંધા વ્યવસાયને વધારવાનો મોકો મળે. વીલ-વારસા, વીમા-એજન્સી, સરકારી કામ વગેરેમાં હકારાત્મક પ્રગતિ થાય. ધર્મ- કર્મ અને તિર્થયાત્રાનું આયોજન થાય.

**કર્ક (ડ,હ):** ચાલુ વીકમાં કોઈ પણ કામ કરવાનું જનુન જોવા મળે. હાથ પરના કામ પાર પડે. હરીફોની પીછે હઠ થાય. નોકરીમાં યસ મળે. નવી સરકારી નોકરીમાં યોગ બને. કુટુંબીક સમસ્યાનું સમાધાન થાય. સમાજ જીવનમાં યસ મળે. રોજની આવકનાં નવા સાધનો ઊભા થાય. પડવા-વાગવાથી સાવધાન રહેવું. સરકારી નોકરીયાતે લોભથી બચવું. વિદેશથી શુભ સમાચાર મળે.

**સિંહ (મ,ટ):** ચાલુ સપ્તાહમાં ભાગ્યના સાથનો અનુભવ થાય. નવી યોજનાના હિસ્સા બનવાનું બને કોઈ મહત્વની જવાબદારી મળે. વિદ્યાર્થીઓને મદદ મળે. સંતાનોના કામ થાય. પ્રવાસ અને નવા રોકાણમાં અનુકુળતા રહે. પ્રેમમાં સહકાર મળે. નોકરીમાં પ્રમોશન કે પગાર વધારો થાય. સ્વભાવ ઉગ્ર અને સ્વતંત્ર રહે. ભાગીદારીમાં નવી યોજના પાર પડે. સમાજમાં યસ મળે.

**કન્યા (પ,ઠ,ણ):** ચાલુ વીકમાં મહેનતનું ફળ મળે. નવો કામ પાર પડે. ઘર, મકાન, વાહનની ઈચ્છા પૂર્ણ થાય. વારસાનો લાભ મળે. તથા પરિવારની સમસ્યાનું સમાધાન થાય. વિદ્યાભ્યાસ માટે નવી ટેક્નોલોજીનો લાભ મળે. નવા રોકાણથી લાભ થાય. પ્રેમમાં અનુકુળતા રહે. તમારા નવા વિચારો કાર્યક્ષેત્રમાં પ્રભાવ વધારશે. માતાનો સાથ મળે. ઊંમરલાયકના વિવાહ થાય. વિદેશના કામમાં મદદ મળે.

**તુલા (ર,ત):** ચાલુ વીકમાં કાર્યક્ષેત્રમાં તમારા નવા અને ટેક્નોલોજીને અનુકુળ વિચારોની કંદર થાય. ઉપરી વર્ગ સહિત અન્યનો સાથ મળે. દલાલી તથા ભાડાની આવક વધે. આધુનિક શિક્ષણ બાબતે પ્રગતિ થાય. પરિવારના સહકારથી આવકના નવા સાધનો ઊભા થાય. ઘર, વાહન, મકાન, જીવન બાબતે પ્રગતિ થાય. મિલકતના સોદા થઈ શકે છે. વિદ્યાર્થીઓને મદદ મળે. નવા આર્થિક રોકાણ થાય. નોકરીમાં જવાબદારી વધે. ખર્ચો વધે.

**વૃશ્ચિક (ન,ય):** સપ્તાહ દરમિયાન તમારા નિર્ણયો અનુકુળ સાબિત થાય. આર્થિક બાબતે ચોક્કસ યોજના બને. સંતાનોનો કામ તથા ઉમરલાયકના વિવાહ થઈ શકે છે. ઉઘરાણીની ચિંતા હળવી થાય. પ્રવાસ, શિક્ષણ, ટેક્નોલોજી, દલાલી, સાહિત્ય, નૃત્ય વગેરેને લગતા કામ પાર પડશે. વડીલોની મદદ નવા ધંધા-વ્યવસાયમાં મળે તથા બહારના કામ થાય. પ્રેમમાં વિઘ્નો આવે. નવા રોકાણમાં ધીરજ રાખવી.

**ધન (ભ,ધ,ફ,ઢ):** સપ્તાહ દરમિયાન મહત્વપૂર્ણ પ્રોજેક્ટના હિસ્સો બનશો. અચાનક સફળતા મળે. મહેનતનું યોગ્ય પરિણામ મળવાથી આત્મવિશ્વાસ વધશે. પ્રતિભા અને કુશુળતાથી પોતાની ઓળખ ઊભી કરી શકશો. મન અશાંત રહે. ઈચ્છીત ફેરફારથી અનુકુળતા વધશે. પરિવારમાં નવા મહેમાનનું અપમાન થાય. ઉઘરાણી આવવાથી રાહત થાય. દલાલીના કામ થાય. માતા-પિતા સાથે ઘર્ષણ ટાળવું. પ્રવાસમાં સાવધાન.

**મકર (ખ,જ):** ચાલુ વીકમાં લેવડ-દેવડ તથા આર્થિક રોકાણ બાબતે સાવધાન રહેવું. પ્રવાસમાં સામાનનું ધ્યાન રાખવું. વિજાતિય આકર્ષણથી ગેર સમજ થાય. વિદેશના કામ પાર પડે. આરોગ્ય નરમગરમ રહે. કુટુંબ અને સમાજ જીવનમાં સાવધાની રાખવી. ઉઘરાણીની ચિંતા સતાવશે. શિક્ષણ બાબતે મદદ મળે. દલાલીનો કામમાં વિઘ્નો આવે. યાત્રા-પ્રવાસ થાય. વિવાદથી અશાંતિ વધશે.

**કુંભ (ગ,સ,શ,ષ):** ચાલુ વીકમાં અચાનક કોઈ તરફ આકર્ષણ થઈ શકે છે. નવા વિજાતિય મિત્રો સાથે સાવધાની રાખવી. વિદ્યાર્થીઓને તક મળે. સંતાનોના કામ થાય. શેર, સટા, લોટરી, વાયદામાં લાભ થાય. મિત્રા સાથે સમાજીક કામથી યસ મળે. ધાર્મિક પ્રવાસ થાય. વિદેશના કામાં મદદ મળે. કોર્ટ, કચેરીમાં અનુકુળતા રહેશે. સંતાનોથી અશાંતિ પેદા થાય. નોકરી-ધંધાર્થે પ્રવાસમાં વિઘ્નો આવે. પરિવારના કામમાં મદદ મળે. અચાનક જવાબદારી વધશે.

**મીન (દ,ચ,ઝ,થ):** સપ્તાહમાં નોકરીમાં પ્રમોશન કે પગાર વધારો થઈ શકે છે તથા નવી નોકરીના યોગ બનશે. સરકારી નોકરીયાતની જવાબદારીઓ વધે. જાહેર અને સમાજ જીવનમાં યસ મળે. સ્વતંત્ર ધંધામાં આવક વધે. મિત્રો, જીવનસાથી સંતાન વગેરેને મદદરૂપ બનશો. પ્રેમમાં સાથ મળે. વિદ્યાર્થીઓને તક મળે. વિજાતિય આકર્ષણ રહેશે. વધુ પડતાં વિલાશી અને શોખિન બનવાથી ખર્ચા વધશે. નોકરી-ધંધામાં નવા ફેરફાર થાય. આરોગ્ય બાબતે સાવધાન રહેવું.

## ગુરુનુ વૃષભ ભ્રમણ

વૈદિક જ્યોતિષમાં દેવગુરુ બૃહસ્પતિ એક મહત્ત્વપૂર્ણ ગ્રહ માનવામાં આવે છે. સંસારમાં ગુરુગ્રહ જીવના કારક છે. બૃહસ્પતિના કારણે જ વનસ્પતીઓમાં ઔષીધય ગુણ કે તત્વ આવે છે. આરોગ્ય વિજ્ઞાનમાં જીવ કે પ્રાણ શક્તિના કારક ગ્રહ તંદુરસ્ત જીવન માટે ખૂબ જ અગત્યતતા ધરાવે છે. કારણકે ગુરુદેવનો સીધો સંબંધ માનવ અવયવમાં પેટ અને પાચનતંત્ર- લીવર વગેરે પર છે. કોઈપણ રોગનું મૂળ કારણ પેટ છે કે પાચન તંત્ર છે. લગભગ બાર માસ એક રાશિમાં ભ્રમણ કર્યા પછી રાશિ પરિવર્તન કરે છે. કોઈ પણ ગ્રહનું રાશિ પરિવર્તન ઘણુ જ મહત્ત્વનું છે. આ પરિવર્તન પૃથ્વીમાં પંચતત્વ સહિત વાતાવરણને પ્રભાવિત કરે છે. જડ-ચેતન પર તેની અસર જોવા મળે છે. મનુષ્ય જીવન પર તેનો ખૂબ જ પ્રભાવ પડે છે. ગુરુદેવ સંતાન, વિદ્યા, તત્વ કે બ્રહ્મતત્વનું કામ, જ્ઞાન, ધર્મ, રાજનીતિ, કુટનીતિ, સોના, શેરબજાર, સિંહાસન, વકીલાત, ન્યાયતંત્ર, મુદ્રક, પુસ્તક, પ્રકાશન, શિક્ષક, પ્રોફેસર, સંશોધક, ધર્મગુરુ બ્રેકીંગ, ન્યાયધીશ વગેરેના કારક ગુરુ પહેલી મેરવળથી શુક્રના ઘરની વૃષભ રાશિમાં પ્રવેશ કરે છે. જે લગભગ બાર માસ સુધી વિવિધ રાશિઓને પરિસ્થિતિ અને અન્ય રાશિ તથા ગ્રહો સાથેના સંબંધ પ્રમાણે શુભ અશુભ અસર કરતા રહેશે. ગુરુદેવ વિવાહ, ધન અને કેરીયરના કારક હોવાથી બાર રાશિઓ પર ગોચરનો પ્રભાવ ખાસ રહેશે. જેની અસર વ્યક્તિગત અને વ્યવસાયીક સંબંધો પર થશે. અને સમાજીક જીવનમાં પરિવર્તન આવશે. ગુરુદેવની દૃષ્ટિને શુભ માનવામાં આવે છે. જે ભાવ કે સ્થાન પર દૃષ્ટિ પડે છે તે ભાવ સંબંધીત ફળની વૃદ્ધિ કરે છે. મેષ રાશિના બીજા ભાવમાંથી છ, આઠ અને દસમે દૃષ્ટિના કારણે આરોગ્ય નોકરી, કોર્ટ, કચેરી, શેર બજાર, વીલ, વારસો, સરકારી નોકરી, સમાજ જીવન અને સ્વતંત્ર ધંધામાં અનુકુળતા કરશે. કુટુંબ સુખ વધે. આર્થિક પ્રગતિના રસ્તા મળશે. વૃષભ રાશિને ભાગ્યનો સાથ મળે. સંતાન, વિદ્યાભ્યાસ, વિવાહ લાકના વિવાહના દાંપત્ય સમસ્યાનો અંત લાવશે. ભૌતિક સુખમાં વધારો થાય. નોકરીમાં પ્રમોશન થાય. વિદેશના કામ પાર પડશે. શુભ, સ્થાન પરથી શુભ દૃષ્ટિ જીવનમાં આનંદપ્રતીતનો અનુભવ કરાશે. મિથુન રાશિને પણ શુભ દૃષ્ટિનો લાભ મળશે. ચાર, છ અને આઠ પરની દૃષ્ટિ સમાજ અને સુખ સમૃદ્ધિ માટે શુભ બને છે. નોકરીયાતોને નવી નવી તકો મળશે. પણ અવાર નવાર અણધાર્યા ખર્ચા આવતા રહેશે. કર્કને ત્રણ, પાંચ અને સાતમે દૃષ્ટિના કારણે ઈચ્છાપૂર્તિનાં યોગ બને છે. સંતાન પ્રાપ્તીના યોગ બને છે. તેમજ ઉંમરલાયકના વિવાહ અને નોકરી-ધંધામાં ઈચ્છીત પ્રગતિનો અનુભવ થશે. સિંહ રાશિને બીજ, ચોથે, છઠ્ઠે દૃષ્ટિના કારણે નોકરી-ધંધામાં સફળતા તેમજ યસ-કિર્તીના યોગ કરે છે. હાથ પરનાં કામ પાર પડશે. ઉઘરાણી આવે. નવા-ધંધા વ્યવસાયમાં સફળતા મળે. પ્રમોશન થાય. કન્યાને પ્રથમ, ત્રિજે અને પાંચમે દૃષ્ટિના કારણે આરોગ્ય માટે અને પ્રતિષ્ઠા માટે શુભ અને સાહસથી સફળતા મળશે. પૂર્વ જન્મના શુભ ફળ મળે. સંતાન, વિદ્યાભ્યાસ, વિદેશ અને પદપ્રાપ્તિની સમસ્યાનો અંત આવશે. કાયદા બાબતે ન્યાય મળશે. તુલાને બાર, બે અને ચાર ભાવ પરની દૃષ્ટિ અધ્યાત્મ, ધર્મ, ઉપાસનાથી પ્રગતિ કરાવશે તેમજ કુટુંબ સુખ વધે. આર્થિક પ્રગતિથી નવા ઘર, જમીન, વાહનની પ્રાપ્તી અનુકુળ બનશે. આરોગ્ય બાબતે સાવધાની રાખવી પડશે. સ્ત્રી વર્ગે સાવધાની રાખવી. વૃશ્ચિક રાશિને પ્રથમ, અગ્યિાર અને ત્રીજે દૃષ્ટિ આરોગ્ય સુધારે સમાજમાં પ્રતિષ્ઠા વધે. ઉંમરલાયકના વિવાહ થાય. નોકરી-ધંધામાં સફળતા અને પદપ્રાપ્તી થાય. દાંપત્ય જીવનમાં ગરબડ થાય. મોટી ઊંમરના જાતકોના વિવાહ થાય. ધન રાશિ, દસ, બાર, બીજા ભાવની દૃષ્ટિ આરોગ્ય બાબતે સાવધાની સુચવે છે. ખાસ પાચનતંત્રની સમસ્યાવાળાને સાવધાની રાખવી પડશે. બાકી નોકરી-ધંધા માટે શુભ બને છે. આર્થિક પ્રગતિની સાથે ખર્ચા વધશે. શત્રુઓ પર વિજય મળશે. મકર રાશિને અગિયાર, નવ અને પ્રથમભાવની દૃષ્ટિ સંતાન સુખ વધારે, સંતાનોના પ્રશ્નો હલ થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. પ્રેમ વિવાહની અનુકુળતા થાય. ઘરમાં નવા મહેમાનનું આગમન થાય. વિદેશના કામ પાર પડશે. વિદ્યાર્થીઓને ઘરના વાતાવરણની અસર થશે માટે ખાસ ધ્યાન રાખવું. સંતાન ઈચ્છુકની ઈચ્છાપૂર્ણ થાય. કુંભ રાશિને આઠ, દસ અને બારમાં ભાવ પરની દૃષ્ટિ માતા-પિતા સાથે ઘર્ષણ કરાવે. વારસા બાબતે વિઘ્નો આવે. નોકરીમાં સફળતા મળે. સ્વતંત્ર ધંધામાં આર્થિક પ્રગતિ થાય. શુભ કામમાં ખર્ચા વધશે. જીવનમાં અચાનક પરિવર્તન આવશે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે. આરોગ્યના ખર્ચા વધશે. મિલકત વસાવી શકાશે. મીન રાશિને સાત, નવ અને અગિયાર ભાવ પરની દૃષ્ટિ વિદેશના કામમાં કાયદાકીય મદદ માટે અનુકુળતા થશે. દાંપત્યજીવનમાં તાલમેળ વધશે. તેમજ વિવાહ લાયકના વિવાહની અનુકુળતા થાય. કુટુંબ પરિવારના સુખમાં વધારો થાય. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળશે. નોકરી-ધંધા માટે આ વર્ષ ઉત્તમ રહેશે. કોઈ સન્નમાન કે ઈનામ મળે. સરકાર તરફથી માન મળે. ગુરુદેવ જયાં બેસે તે સ્થાનને હાનિ કરે છે એવું જ્યોતિષ શાસ્ત્રનું માનવું છે. પણ અનુભવે તે સાચુ ઓછુ છે. પણ ગુરુ દેવની દૃષ્ટિ તો હંમેશા શુભ ફળ જ આપે છે. માટે કન્યા, વૃશ્ચિક અને મકર રાશિવાળા માટે આ વર્ષ અનુકુળ રહેશે. વૃષભ માટે મિશ્ર રહે.

# પદ ભોગવ્યુ, પ્રતિષ્ઠા મેળવી હવે પક્ષનું કર્જ ચૂકવો



જેમ જેમ ભાજપના રાજકોટ બેઠકના ઉમેદવાર પરષોત્તમ રૂપાલા સામેનું આંદોલન વેગ પકડતું જાય છે, તેમ તેમ હવે ભાજપની અંદર રહેલા ક્ષત્રિય સમાજના આગેવાનોની મુંઝવણ વધતી જાય છે. હવે માં મને કોઠીમાંથી બહાર કાઢ તેવી સ્થિતિ પેદા થવા પામી છે. ના બોલાય અને ન સહેવાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. બીજી તરફ ભાજપના હાઈકમાન્ડે પણ પાર્ટીના અંદરના ક્ષત્રિય સમાજના આગેવાનો પર દબાણ વધાર્યું છે કે , તમે હવે સૌરાષ્ટ્ર સહિતના રાજયના ક્ષત્રિય સમાજના આગેવાનોને સમજાવો અને આંદોલન શાંત પાડો. ભાજપે હવે આંદોલન કરી રેહલા ક્ષત્રિય સમાજના આગેવાનો સામે પોતાની પાર્ટીના ક્ષત્રિય સમાજના નેતાઓને મેદાનમાં ઉતાર્યા છે. ભાજપના હાઈકમાન્ડે ભાજપના ક્ષત્રિય ધારાસભ્યો ,નેતાઓ ,કાર્યકરો પર દબાણ કરીને આદેશ આપ્યો છે કે તમે પદ ભોગવ્યું .. પ્રતિષ્ઠા મેળવી અને હવે પાર્ટીનું કર્જ ચૂકવવનો સમય આવી ગયો છે. હવે લોસકસભાની ચૂંટણીમાં મતદાનના માધ્યમથી આંદોલનકારી ક્ષત્રિયો ભાજપને ઓછું નુકસાન કરે તેવા પ્રયાસ કરવા પડશે. ભાજપના ક્ષત્રિય નેતાઓ અને ધારાસભ્યો પણ ધર્મસંકટમાં મૂકાયા છે.. કેમ કે એક તરફ હાઈકમાન્ડનું દબાણ છે, બીજી તરફ આંદોલનકારી ક્ષત્રિયો માનવા તૈયાર નથી.

## BJPના સ્ટાર પ્રચારકોની યાદીમાંથી હાર્દિક પટેલ ગાયબ થયા



2024ની લોકસભાની ચૂંટણીમાં ભાજપની સ્ટાર પ્રચારકોની યાદીમાં હાલમાં ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલનું નામ ગાયબ થઈ ગયું છે. ભાજપની આ યાદીમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ,સી.આર. પાટીલ, વિજય રૂપાણી, હર્ષ સંઘવી, નીતિન પટેલ, કુંવરજી બાવળિયા અને ગોરધન ઝડફિયા જેવા નેતાઓને સ્થાન આપવામાં આવ્યું છે. આ યાદીમાં હાર્દિક પટેલના સહયોગી અલ્પેશ ઠાકોરનું નામ પણ સામેલ છે. પરંતુ ભાજપની આ યાદીમાં હાર્દિક પટેલનું નામ સામેલ નથી. આ અંગે ગુજરાતમાં ભારે ચર્ચા ચાલી રહી છે.ભાજપની નેતાગીરીનું એવું કહેવું છે કે યાદીમાં નામ હોય કે ન હોય તેનાથી કોઈ ફરક પડતો નથી, તેઓ ભાજપના ઉમેદવારો માટે પ્રચાર કરી જ રહ્યા છે.હાર્દિક પટેલ હાલમાં તેના મત વિસ્તારમાં પ્રચાર કરી રહયા છે, તે પછી તેઓ મધ્યપ્રદેશ અને રાજસ્થાન પણ જવાના છે.



પાટીદાર ઉમેગદવારને ટિકિટ આપી એટલે કોંગ્રેસનો આભાર માન્યો હતો. નરેશ પટેલના આ નિવેદન પરથી પાટીદાર મતાદરોનો ઝોંક કઈ દિશા તરફ રહેશે, તે જાણી શકાય છે. ગુજરાતની રાજનીતિમાં પાટીદાર સૌથી મોટું ફેક્ટર ગણાય છે. પાટીદારો ધારે તો સરકાર બદલી દે છે.ગુજરાતમાં જે કોઈ પણ પાર્ટી સત્તા હોય , પરંતુ તે પાટીદાર વોટબેંક સાચવવાનો પ્રયાસ કરે છે.2024 ની લોકસભા ચૂંટણીમાં પાટીદારો ભાજપ કરતા કોંગ્રેસ પર વધુ મહેરબાન થયા હોય તેવું લાગી રહયું છે.ભાજપ ક્ષત્રિયોના આક્રોશ બાદ પણ ઝૂક્યું નથી, અને રાજકોટ લોકસભા બેઠક પરથી પરષોત્તમ રૂપાલાની ટિકિટ પાછી લેવાઈ નથી. રૂપાલાની ટિકિટ લેવાય તો પાટીદારો બગડે, અને ભાજપ માટે તે ક્ષત્રિયોના વિરોધ કરતા વધુ ભારે પડી શકે છે.લોકસભા ચૂંટણીમાં ભાજપ કરતા કોંગ્રેસે ઉમેદવારની પસંદગીમાં પાટીદાર ફેક્ટર પર વધુ ફોકસ કર્યું છે.સૌરાષ્ટ્રમાં ભાજપે 2 પાટીદાર તથા કોંગ્રેસે 4 લેઉવા પટેલને ટિકિટ આપી છે.સૌરાષ્ટ્રની સાત બેઠકોમાં અમરેલી અને પોરબંદર એમ બે બેઠક પર ભાજપે લેઉવા પટેલ જ્ઞાતિના ઉમેદવારને ટિકિટ આપી છે. તો કોંગ્રેસે અમરેલી, પોરબંદર, રાજકોટ અને જામનગર એમ ચાર બેઠક પર લેઉવા પાટીદાર ઉમેદવારને ટિકિટ આપી છે. કોંગ્રેસે જામનગર લોકસભા બેઠક પર જે પી મારવિયાને ટિકિટ આપી છે. આથી નરેશ પટેલે જાહેરમાં કોંગ્રેસનો આભાર માન્યો હતો.




## રાજકોટમાં પણ સુરતની જેમ 'ઓપરેશન બિનહરીફ' થવાનું હતુ , કોંગી નેતાના ટવીટથી થયો ઘટસ્ફોટ



સુરતની જેમ રાજકોટમાં પણ ઓપરેશન બિનહરીફ થવાનું હતું. જો કે ઉમેદવાર બદલાઈ જતાં કોંગ્રેસના નેતાઓનું આ ઓપરેશન પાર પડયું નહોતું. રાજકોટમાં પણ ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાને બિનહરીફ જીતાડવા માટે કોંગ્રેસના જ કેટલાક નેતાઓએ કારસો રચ્યો હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. રાજકોટના કોંગ્રેસના નેતા ડો. હેમાંગ વસાવડાએ સોશ્યલ મીડિયા પર એક ટ્વીટ કર્યું છે,જેમાં તેમણે લખ્યું છે કે, મેં આજે સાંભળ્યું કે વિક્રમ સોરાણી ભાજપમાં જોડાઈ રહ્યા છે. રાજકોટ લોકસભા માટે કેટલાક નેતાઓએ તેમનું નામ સૂચવ્યું હતું.

મારી અને મારા મિત્રોની સજાગતાના કારણે રાજકોટ લોકસભા સીટ સુરત જેમ બનતા રહી ગઈ નહીંતર રાજકોટમાં પણ આ પ્રકારની જ ઘટના બની હોત.વસાવડાના નજીકના સૂત્રોના કહેવા મુજબ,ખુદ કોંગ્રેસના ત્રણ નેતાઓએ વિક્રમ સોરાણીને ઉમેદવાર બનાવવાની ભલામણ કરી હતી.

અલબત્ત, સોરાણી સામે કોંગ્રેસના રાજકોટના નેતાઓએ જ વિરોધનો સૂર વ્યક્ત કર્યો હતો. જેના કારણે રાજકોટ બેઠક પર તેમને ટિકિટ અપાઈ નહોતી. જો મળી હોત , તો સુરતની જેમ રાજકોટ બેઠક પર પણ પરષોત્તમ રૂપાલા બિનહરીફ થઈ ગયા હોત.

## ઈફ્કોની ચૂંટણીમાં સૌરાષ્ટ્રના નેતાનું પત્તું કપાઈ જશે

ઈફ્કોની ચૂંટણી તા.9મી મેના રોજ યોજાવવાની છે, જેમાં ગુજરાતની બે બેઠક પૈકી એક પર દિલીપ સંઘાણી તથા અન્ય બીજી બેઠક માટે ભાજપ દ્વારા અમદાવાદમાં બિપીન પટેલ (બિપીન ગોતા)ના નામનો મેન્ડેટ અપાયો છે. જયારે તેની વિરુદ્ધમાં જઈને હવે ભાજપના સૌરાષ્ટ્રના ધારાસભ્ય તથા પૂર્વ કેબીનેટ મંત્રી જયેશ રાદડિયાએ પણ ફોરેમ ભર્યું છે




જેમના પગલે સહકારી રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. ચાલુ ટર્મમાં પણ રાદડિયા ઈફ્કોમાં ડિરેક્ટર રહ્યા છે અને તેઓ બિનહરીફ ચૂંટાયા હતા. જ્યારે દિલિપ સંઘાણી ચેરમેન પદે છે. એક બેઠક માટે જયેશ રાદડિયા તથા બિપીન પટેલે પણ ફોર્મ ભર્યું છે. આ સહકારી ચૂંટણીમાં ભાજપના ઉમેદવારની સામે ભાજપના જ ધારાસભ્યએ ફોર્મ ભરી દેતા હવે ચર્ચાએ જોર પકડયું છે. જો કે મેન્ડેટ બિપીન પટેલનો આવ્યો હોવાથી સૌરાષ્ટ્રના નેતાનું પત્તું કપાય તેવી સંભાવના છે.

## ખોડલધામના નરેશ પટેલે કેમ કોંગ્રેસનો આભાર માન્યો ?

તાજેતરમાં ખોડલધામના નરેશ પટેલે જામનગર લોકસભા બેઠક

## યાત્રાધામોને જોડતી હવે હેલિકોપ્ટર સેવા



અમદાવાદના કાંકરિયાથી હવે સાળંગપુર કષ્ટભંજન દેવ મંદિર સુધીની હેલિકોપ્ટર સેવા શરૂ થવા જઈ રહી છે. જેમાં માત્ર 40 મિનિટમાં અમદાવાદથી સાળંગપુર પહોંચી શકાશે. અમદાવાદના કાંકરિયાથી સાળંગપુર મંદિર સુધી ડેઈલી હેલિકોપ્ટર રાઈડ શરૂ કરવામાં આવનાર છે. આ માટે તૈયારીઓ આરંભી દેવાઈ છે.યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા હેલિકોપ્ટર રાઈડ શરૂ કરવામાં આવશે. આગામી મે મહિનામાં આ હેલિકોપ્ટર રાઈડ શરૂ થશે. યાત્રાધામ વિકાસ બોર્ડની જાહેરાત અંતર્ગત સાળંગપુર હનુમાનજી મંદિર દ્વારા મંદિરથી 700 મીટરના અંતરે બે હેલિપેડ બનાવાયા છે.આ હેલિકોપ્ટર રાઈડ માટે અંદાજે 30 હજાર જેટલું ભાડું હશે અને 6 લોકો બેસી શકાય તે ક્ષમતાનું હેલિકોપ્ટર હશે. યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આગામી દિવસોમાં અંબાજી, શ્રીનાથજી, પાલિતાણા, સાળંગપુર, સોમનાથ, વડનગર, નડાબેટ, સ્ટેચ્યુ ઓફ યુનિટી તેમજ તલગાજરડા સહિત યાત્રાધામો પર પણ હેલિકોપ્ટર રાઈડ શરૂ કરવાનું આયોજન ચાલી રહ્યું છે.

**WALK IN INTERVIEW**

TeleCaller - Tamil, Malayam, Punjabi
Marketing Executive
E-Commerce Executive
Interior Designer
Social Media Manager
Anchor- Tamil, odiya, Malayam

Company Name: Ajmera Fashion Pvt Ltd.
Interview Time: 10:30 to 05:30
Location: Surana 101, Sahara Darwaja, Surat

## મોજે પુણા, તા. પુણા, જી. સુરતના બ્લોક નં. ૭૯૬ વાળી જમીન સંદર્ભે જાહેર ચેતવણી અને જાહેર નોટીસ

આથી મારા અસીલ **શ્રી ઈશ્વરભાઈ ભીખાભાઈ પટેલ**ની સુચના અન્વયે આ જાહેર ચેતવણી નોટીસથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ પુણાનાં મોજે ગામ પુણાનાં રેવન્યું **સર્વે નં. ૬૩૬/૩**, બ્લોક નં. ૭૯૬, હે. ૦-૪૭-૫૫ આરે ચો.મી. તથા આકાર રૂા. ૧૩.૧૯ છે. જેનો ટી.પી. સ્કીમ નંબર ૧૭(પુણા) જેનો ઓરીજીનલ પ્લોટ ૮૪, ફાઈનલ પ્લોટ ૮૮, તેનું ક્ષેત્રફળ ૩૩૨૯ ચો.મી. તે જમીનમાં અમારા અસીલનો વણ-વહેંચાયેલ હિસ્સો સમાયેલ છે અને હાલ સદરહુ જમીનનો સ્વતંત્ર પ્રત્યક્ષ કબજો, ભોગવટો અમારા અસીલ **ઈશ્વરભાઈ ભીખાભાઈ પટેલ**નોજ ચાલી આવેલ છે. સદરહું જમીનનો વેચાણ દસ્તાવેજ અમોના અસીલની પાસેથી અનુચીત દબાણ અને બીનઅવેજી, કબજા વગરનો **(૧) મહેન્દ્ર જયસુખભાઈ સતાણી (૨) પરેશભાઈ ગણેશભાઈ માંગુકીયા (૩) પંકજભાઈ વલ્લભભાઈ ગઢીયા (૪) આતુભાઈ હમીરભાઈ હડીયા**નાઓએ કરાવી લીધેલ છે અને જે દસ્તાવેજના આધારે તેઓના એ હક્ક પત્રકમાં નોંધ પડાવેલી જેની સામે અમોના અસીલે વાંધા અરજી કરેલ હોય તથા જાહેર જનતાને જાણ કરવાની કે આ સદરહુ ઈસમો સાથે આ જમીન સંબંધે તેઓના સાથે કોઈપણ જાતના વ્યવહાર કરવા નહી જો વ્યવહાર કરશે તો તેવા વ્યવહાર કરનારની તમામ જવાબદારી તેમની રહેશે. તથા આવા કૃત્ય અમોના અસીલને બંધનકર્તા રહેશે નહી તથા તેમની સામે સખત ફોજદારી તથા દીવાની પગલા લેવાની ફરજ પડશે. જેની તમામ લાગતા વળગતાઓએ નોંધ લેવી.

મારી મારફત,
**શાહનવાઝ એ. મીરઝા**
એડવોકેટ
ઓફીસ : મું. અટોદરા, તા. ઓલપાડ, જી. સુરત

**ઈશ્વરભાઈ ભીખાભાઈ પટેલ**

## અનુસંધાન ... પાના પહેલાનું

### દરિયામાંથી 602...

મુહમ્મદ ખાન હુસૈનનો સમાવેશ થાય છે. આ બેટના કેપ્ટન નાઝીર હુસૈનને ગોળીબારમાં ઈજા થઈ જતાં સારવાર માટે દાખલ કરાયો છે. જપ્ત કરાયેલા હેરોઈનની તામિલનાડુના ડ્રગ્સ માફિયાઓની મદદ વડે શ્રીલંકામાં ડિલીવરી કરવાની હતી. ઉલ્લેખનીય છે કે હજુ ગઈકાલે તો ગુજરાત એટીએસ તથા કેન્દ્ર સરકાર હસ્તકની નારકોટિક્સ કંન્ટ્રોલ બ્યૂરો (એનસીબી)એ સંયુક્ત રીતે હાથ ધરેલા ઓપરેશનમાં ગુજરાતમાં ગાંધીનગર તથા અમરેલી અને રાજસ્થાનમાં દરોડો પાડીને એમડી ડ્રગ્સ બનાવવાની ફેકટરીનો પર્દાફાશ કરીને 230 કરોડનું એમડી ડ્રગ્સ તથા 13 જેટલા ડ્રગ્સ માફિયાઓની ધરપકડ કરી લેવાઈ હતી. આ કેસ પણ વધુ તપાસ માટે એનસીબીને ટ્રાન્સફર કરાયો છે.

### અજાણતા ભારતીયમાં...

અજાણ હતો અને અજાણતામાં ભારતીય ક્ષેત્રમાં ઘૂસી ગયો હતો. એમ અધિકારીએ જણાવ્યું હતું. પ્રવક્તાએ ઉમેર્યું હતું કે, તેની શોધ દરમિયાન વ્યક્તિ પાસેથી કંઈપણ વાંધાજનક મળ્યું ન હતું.

### જયપુરમાં એક...

ઊંચી મૂર્તિઓની બાજુમાં સ્થાપિત કરવામાં આવશે. પીડમનો સમાવેશ કર્યા બાદ કાલી મૂર્તિ 23 ફૂટની થઈ ગઈ છે. મંદિરના ચીફ ક્યુરેટર એમએસ ભુવનચંદ્રને જણાવ્યું હતું કે, "દેવી કાલી મૂર્તિ અને દેવી દુર્ગા અને લક્ષ્મીની સ્થાપના વિધિ રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ જેવી જ હશે. જોકે એક જ આરસના પથ્થરમાંથી કોતરેલી સૌથી ઊંચી મૂર્તિ શક્તિશાળી અને આદરણીય હિંદુ દેવીઓનું નિવાસસ્થાન હશે." ત્રણેય મૂર્તિઓ જયપુરથી કેરળના તિરુવનંતપુરમના વેંગનુર સ્થિત ચાવડી નાડા મંદિરમાં મોકલવામાં આવી રહી છે.

### હિંદ મહાસાગરની...

સમુદ્રી ઘાસના નષ્ટ થવા તરફ દોરી જાય છે, માછીમારી ક્ષેત્રને વિપરીત અસર કરે છે અને વાવાઝોડાઓમાં ઝડપથી વધારા તરફ પણ દોરી જાય છે. અને ગરમીનો આ વધારો સમુદ્રી સપાટી સુધી મર્યાદિત નથી, સપાટીથી લઇને ૨૦૦૦ ફૂટની ઉંડાઇ સુધીમાં ગરમી ઝડપથી વધવાની આગાહી કરવામાં આવી છે. હિંદ મહાસાગરમાં ગરમીનો ભવિષ્યનો વધારો એ એક હીરોશીમા અણુ બોંબ ફૂટવા જેટલી ઉર્જા દર સેકન્ડે, દરરોજ આખા દિવસ માટે એક દાયકા સુધી ઉમેરી શકે છે એમ આ અભ્યાસના લેખક કહે છે. હિંદ મહાસાગરના કાંઠે ૪૦ દેશો આવેલા છે અને આખા વિશ્વની ત્રીજા ભાગની વસ્તી આ દેશોમાં વસે છે ત્યારે હિંદ મહાસાગરના હવામાનમાં ફેરફાર એ મોટી સામાજીક અને આર્થિક અસરો કરી શકે છે. હાલમાં પણ હિંદ મહાસાગર અને તેની આજુબાજુના દેશો વિશ્વભરમાં સૌથી વધુ પાકૃતિક હોનારતોનું જોખમ ધરાવે છે.

### ભૂતપૂર્વ વડાપ્રધાન...

આવ્યો છે જે રેવન્નાના ઘરની રસોઈયણની ફરિયાદના આધારે નોંધાયો છે. ફરિયાદીએ જણાવ્યું છે કે તે રેવન્નાની પત્ની ભવાની સાથે સગપણ ધરાવે છે. થોડા સમય પહેલા તેણે રેવન્નાના ઘરે રાંધવા માટેની નોકરી સ્વીકારી હતી. તેની ફરિયાદ મુજબ તેણે કામ કરવાનું શરૂ કર્યું તેના ચાર મહિના પછી રેવન્નાએ તેની જાતીય સતામણી શરૂ કરી અને તેનો પુત્ર પ્રજવલ તેણીની પુત્રીને વીડિયો કોલ કરતો અને તેની સાથે અશ્લીલ વાતો કરતો. રસોઈયણે ફરિયાદ કરી છે કે તેને અને તેના કુટુંબીજનોના જીવન પર ભય છે. તેની ફરિયાદને આધારે બાપ-દીકરા સામે કેસ ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરવામાં આવી છે. પ્રજવલ સામે હાલ ફરતા થયેલા એક વીડિય સંદર્ભમાં એક જાતીય કૌભાંડનો પણ કેસ નોંધાયો છે અને તેની તપાસ માટે કર્ણાટક સરકારે ત્રણ સભ્યોની તપાસ સમિતિની નિમણૂક કરી છે. દરમ્યાન, પ્રજવલ હાલમાં જર્મની જતો રહ્યો હોવાનુ જાણવા મળે છે.

### લોકસભા ચૂંટણીઃ...

હતો કે ભાજપ લવલીને પૂર્વ દિલ્હી મતવિસ્તારમાંથી હર્ષ મલ્હોત્રાના સ્થાને ઉતારશે. તેના તુરંત બાદ લવલીએ સ્પષ્ટતા કરી હતી કે 'મેં માત્ર દિલ્હી કોંગ્રેસના અધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું છે અને હું કોઈ રાજકીય પક્ષમાં જોડાઈ રહ્યો નથી.' કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને શનિવારે મોકલેલા રાજીનામના પત્રમાં લવલીએ કહ્યું હતું કે તે પોતાને 'અસહાય' અનુભવી રહ્યા છે કારણ કે દિલ્હી એકમના વરિષ્ઠ નેતાઓ દ્વારા સર્વસંમતિથી લેવામાં આવતા તમામ નિર્ણયોને એઆઈસીસી દિલ્હીના પ્રભારી દિપક બાબરિયા દ્વારા એકતરફી રીતે રદ કરવામાં આવે છે. થોડા દિવસ પહેલાં બાબરિયા સાથે થયેલી બોલાચાલી બાદ દિલ્હીનાં પૂર્વ મંત્રી અને એઆઈસીસી સભ્ય રાજકુમરા ચૌહાણ પક્ષમાંથી રાજીનામું આપ્યું છે ત્યારે શનિવારે લવલીનું રાજીનામું આવ્યું છે.

### મની લોન્ડરિંગ કેસમાં...

સંઘવાદ પર આધારિત લોકશાહીના સિદ્ધાંતો પર અભૂતપૂર્વ હુમલો છે. કેસમાં તેમની ધરપકડને પડકારતી તેમની અરજી પર દાખલ કરવામાં આવેલી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ના એફિડેવિટના જવાબમાં કેજરીવાલે કહ્યું કે, લોકસભા ચૂંટણી પહેલાં જ્યારે આદર્શ આચાર સંહિતા અમલમાં આવી હતી ત્યારે તેમની ધરપકડની રીત, સમય એજન્સીની મનસ્વીતા વિશે ઘણું બતાવે છે.

### જમ્મુ-કાશ્મીરમાં...

આતંકવાદીઓ જંગલ વિસ્તારમાં ઊંડે સુધી ભાગી ગયા હતા અને સુરક્ષા દળો દ્વારા તેમનો પીછો કરવામાં આવી રહ્યો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ ગોળીબારમાં ખાનદના રહેવાસી વીડીજી સદસ્ય મોહમ્મદ શરીફ ગંભીર રીતે ઘાયલ થયા હતા અને બાદમાં ઈજાઓને કારણે મૃત્યુ પામ્યા હતા.

### ટેસ્લાની ઓટો...

કાર નિર્માતા ટેસ્લાના સીઈઓ મસ્ક સાથે મુલાકાત કરી, એમ સરકારી સમાચાર સંસ્થા ઝિન્હુઆએ અહેવાલ આપ્યો હતો. સ્પેસએક્સ અને ટેસ્લાના વડાએ ચાઈના કાઉન્સિલ ફોર પ્રમોશન ઓફ ઈન્ટરનેશનલ ટ્રેડના આમંત્રણ પર ચીનની મુલાકાત લીધી હતી, સીસીપીઆઈટી અધ્યક્ષ રેન હોંગબીન સાથે મુલાકાત કરીને દેશ સાથે વધુ સહકાર અંગે ચર્ચા કરી, એમ ચીનના સરકારી મીડિયાએ જણાવ્યું હતું. મસ્ક બીજિંગમાં સ્ટેટ કાઉન્સિલના વરિષ્ઠ ચીની અધિકારીઓ અને 'જૂના મિત્રો'ની મુલાકાત કરશે એવી અપેક્ષા છે, એમ હોંગકોંગના એક મીડિયાએ અહેવાલ આપ્યો હતો. મસ્કે શાંઘાઈમાં સાત બિલિયન ડોલરની ફેક્ટરી સ્થાપી હતી જેનું ઉત્પાદન 2020માં શરૂ થયું હતું તે પછી તેની ટેસ્લા ચીનમાં લોકપ્રિય ઈવી બની ગઈ છે. ભારતમાં ટેસ્લાની ફેક્ટરી ખોલવાની યોજનાને મજબૂત કરવા વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળવા માટે તાજેતરમાં ભારતની નિર્ધારિત મુલાકાતે મસ્ક આવ્યા ન હતા પણ તેઓ અત્યારે બીજિંગની મુલાકાતે છે જ્યારે ચીનમાં તેમની ટેસ્લાના બજારને સ્થાનિક ઈવીના વધતા વેચાણથી જોખમ ઉભું થયું છે. ઓસ્ટિન સ્થિત (ટેક્સાસ) ટેસ્લાને છેલ્લાં કેટલાંક વર્ષોમાં ચીની ઈવી ઉત્પાદકો તરફથી ઉગ્ર સ્પર્ધાનો સામનો કરવો પડ્યો છે. તેણે ચીનના પ્રીમિયમ ઈવી સેગમેન્ટમાં તેની અગ્રણી સ્થિતિ જાળવી રાખવા માટે તેના શાંઘાઈ નિર્મિત વાહનોના ભાવમાં 6 ટકા સુધીનો ઘટાડો કર્યો છે.

### ઉત્તરાખંડના જંગલોમાં...

કરાઈ છે જ્યારે કેટલાંક વિસ્તારોમાં આગ બુઝાવી દેવામાં આવી છે. નરેન્દ્ર નગર જંગલ ખાતાના માણિકનાથ રેન્જમાં મરોરા અને ખનાના નાગરિક વિસ્તારોમાં આગ સંપૂર્ણ રીતે બુઝાવી દેવાઈ છે, એમ અધિકારીઓએ કહ્યું હતું. શનિવારની રાત્રે મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કુમાઉં વિસ્તારમાં સ્થિતિની સમીક્ષા કરી હતી અને જણાવ્યું હતું કે હવાઈ દળનું હેલિકોપ્ટર આગ બુઝાવવાના અભિયાનમાં સામેલ કરાયા બાદ આગ પર કાબૂ મેળવવામાં આવી રહ્યો છે. હવાઈ દળે જણાવ્યું હતું કે એમઆઈ-17 વી-5 હેલિકોપ્ટર નૈનીતાલ અને તેની આસપાસના વિસ્તારોમાં આગ બુઝાવવા માટે કામે લગાડવામાં આવ્યું હતું.

હેલિકોપ્ટર ઉપરાંત સેનાના જવાનો, પ્રાંતિય રક્ષક દળના કાર્યકર્તાઓ અને હોમગાર્ડના જવાનોને પણ આગ બુઝાવવાના અભિયાનમાં મદદ માટે સામેલ કરાયા હતા.

## :: જાહેર નોટીસ ::

આથી લાગતા વળગતાં તમામ ઈસમોને જણાવવાનું કે સુરત ડી. ના મોજે ગામ ઉન રે.સર્વે નં. ૪૬, ૪૭, ૨૬૬ના બ્લોક નં. ૮૧ થી નોંધાયેલી એન. એ. થયેલ જમીનમાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૪ જે સુમારે ૧૩૩.૩૩ ચો.વાર છે. મજકુર મિલ્કતનાં માલીક **જમીલાબેન મોહંમદહુસેન પઠાણ** છે. તેઓ કનેથી **મુસ્તાક મહેંદીહુસેન બેલીમ** રહે. ગોલ્ડન એપાર્ટ., ઉન, સુરતનાં એ ખરીદ કરી મોટી નાણાંકીય લેવડદેવડ કરી છે. મજકુર મિલ્કતનાં ઓરીજીનલ રજીસ્ટર વેચાણ દસ્તાવેજો, આર.આર. રસીદ અ.નં. ૪૯૯૩ તા. ૨૬/૦૬/૮૫ તથા અ.નં. ૨૩૯૬ તા. ૨૯/૦૩/૯૩ શોધખોળ કરતા મળી આવેલ નથી. સદરહુ દસ્તાવેજો જો કોઈપણ ઈસમો, બેંક, શાહુકાર કે ત્રાહીત ઈસમોનાં કબજા, કોઈનું સાટાખત, લાગભાગ હોય તો દિન (૭) માં અમોને નીચેના સરનામે જાણ કરવી. સમય વિત્યા બાદ અમો સદરહું મિલ્કતના દસ્તાવેજ નોંધણી કરાવી લઈશું. ત્યારબાદ કોઈપણ બેંકની/ સંસ્થાની તર-તકરાર ચાલશે નહીં. જેની નોંધ લેશોજી.

**સ્થળ : સુરત, તા. ૨૮/૦૪/૨૦૨૪**

**સહી/- મુસ્તાક મહેંદીહુસેન બેલીમ**
(ગોલ્ડન એપાર્ટમેન્ટ, ઉન પાસે, ઉધના-ભેસ્તાન રોડ, સુરત) મો. ૯૯૦૯૯ ૮૮૯૪૪

મારી મારફત,
**પી.એમ.દવે**
તે મુસ્તાક મહેંદીહુસેન બેલીમના એડવોકેટ
મો. ૮૦૦૦૦૮૩૦૬૮